# ઓનલાઈન શિક્ષણ અંગે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોનો અભિપ્રાય

**સંશોધક:**

**મહેન્દ્રકુમાર વસંતલાલ ટંડેલ**

**માર્ગદર્શક:**

**ડૉ. (પ્રો.) જીજ્ઞેશ બી. પટેલ**

**સંશોધનના મુખ્ય તારણો:**

- ઓનલાઇન શિક્ષણ અંગે નિમ્ન પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને નિમ્ન પ્રાથમિક શાળાની સ્ત્રી શિક્ષિકાના અભિપ્રાયો પર જાતિની અસર જોવા મળતી નથી. નિમ્ન પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને નિમ્ન પ્રાથમિક શાળાની સ્ત્રી શિક્ષિકા સમાન અભિપ્રાય ધરાવે છે.
- ઉચ્ચ પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાની સ્ત્રી શિક્ષિકાના અભિપ્રાયો પર જાતિની અસર જોવા મળતી નથી. ઉચ્ચ પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાની સ્ત્રી શિક્ષિકા સમાન અભિપ્રાય ધરાવે છે.
- નિમ્ન પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો સમાન અભિપ્રાય ધરાવે છે. તેમના પર ફરજના વિભાગની અસર થતી નથી . તેમનામાં જે તફાવત જોવા મળે છે. તે આકસ્મિત છે.
- નિમ્ન પ્રાથમિક શાળાની સ્ત્રી શિક્ષિકાઓ અને ઉચ્ચ પ્રાથમિક શાળાની સ્ત્રી શિક્ષિકાઓ સમાન અભિપ્રાય ધરાવે છે. તેમના પર ફરજના વિભાગની અસર થતી નથી . તેમનામાં જે તફાવત જોવા મળે છે. તે આકસ્મિત છે.
- નિમ્ન પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાની સ્ત્રી શિક્ષિકાઓ સમાન અભિપ્રાય ધરાવે છે. તેમના પર જાતિ અને ફરજના વિભાગની અસર થતી નથી. તેમનામાં જે તફાવત જોવા મળે છે. તે આકસ્મિત છે.
- મોટા ભાગના શિક્ષકોને ઓનલાઇન શિક્ષણ કાર્ય અંગેની અગાઉથી તાલીમ આપવામાં આવેલ ન હતી. મોટા ભાગના શિક્ષકો ઓનલાઇન શિક્ષણની તકનીકની મૈત્રીપૂર્ણ વપરાશકર્તાથી સંતોષ જણાયો.
- મોટા ભાગના શિક્ષકો ઓનલાઇન શિક્ષણની તકનીકના સાધનોની પ્રારંભિક સમજ ધરાવતા જણાયાં.
- થોડાજ શિક્ષકોજ કોમ્પ્યુટર સોફ્ટવેર ના સાધનો ઇન્સ્ટોલ તથા સેટિંગ કરવાની ક્રિયાની કરી શકે છે.
- થોડાજ શિક્ષકોજ કોમ્પ્યુટરમાં ઍપ્લિકેસન અને સોફ્ટવેરનો પૂરેપૂરો ઉપયોગ કરવાની આવડત ધરાવે છે.
- મોટા ભાગના શિક્ષકો કોમ્પ્યુટરમાં ફાઇલને શોધવું, નામ બદલવું ,મુવ કરવાની આવડત ધરાવે છે.
- મોટા ભાગના શિક્ષકો ઓનલાઇન શિક્ષણમાં માહિતીની સુરક્ષાની જાગૃતતા અંગે જાણકારી ધરાવે છે.
- મોટા ભાગની શાળા શિક્ષકોને ઓનલાઇન શિક્ષણ માટે ઝડપી નેટ કનેકસનની સુવિધા ઉપલબ્ધ કરાવી આપે છે.
- મોટા ભાગની શાળા પાસે ઓનલાઇન શિક્ષણ માટે અધ્યતન સાધનોની સુવિધા ઉપલબ્ધ છે.
- મોટા ભાગની શાળા પાસે ઓનલાઇન શિક્ષણ માટે કમ્પ્યુટરમાં એંટિ –વાઇરસની સુવિધા ઉપલબ્ધ છે.